| | | |
|---|---|---|
| GJSR130000392025 | RECEIVED ON | 15-03-2025 |
| | REGISTERED ON | 15-03-2025 |
| | DECIDED ON | 22-05-2026 |
| | DURATION | DYS. MTHS. YRS. |
| | | 07 02 01 |

**સુરતની બીજી ઔદ્યોગિક અદાલતના સભ્યશ્રી ડી.જે. ચૌહાણ સમક્ષ,**
**મુ.સુરત.**

**પરચુરણ અરજી (આઇ.સી.) નં.૨૧/૨૦૨૫**
**ઈન**
**(મૂળ ટી. અરજી નં.૫૬૦/૧૯૯૩)**
**આંક–૮**

**એપેલન્ટ :–(ગાર્ડન સિલ્ક મિલ્સ પ્રા.લી.)**
**ગાર્ડન સિલ્ક ફેશન્સ પ્રા.લી.** (આંક–૬ હેઠળ સુધારો કર્યો.)
ઈર્સટવાઈલ ગાર્ડન સિલ્ક મિલ્સ લી.
મુ.વરેલી, તા. પલસાણા, જી.સુરત.

**વિરુધ્ધ**

**રીસ્પોન્ડન્ટ :– દાદા લાલચંદ્ર જાદવ,**
બી/૨૧૨, ભરતનગર, ચલથાણ,
જોળવા, જી.સુરત–૩૯૪૩૦૫.

**<u>હાજર રહયા:–</u>**
**એપેલન્ટ તરફે** : વિ. વકીલશ્રી એમ.વી. પટેલ.
**રીસ્પોન્ડન્ટ તરફે** : વિ. વકીલશ્રી એસ.ટી. ચૌધરી.

**<u>બાબત:– બી.આઇ.આર. એકટની કલમ–૮૪(૨) હેઠળની અરજી.</u>**

**–: <u>હુકમ</u> :–**

(૧) સદર અરજી આ કામના અરજદારે બોમ્બે ઔદ્યોગિક સંબંધક ધારો–૧૯૪૬ કે જે હવે ગુજરાત ઔદ્યોગિક સંબંધક ધારા તરીકે ઓળખાય છે (જેને હવે પછી કાયદા તરીકે ઉલ્લેખવામાં આવશે)ની કલમ–૮૪ હેઠળ કરેલ અપીલ રજૂ કરવામાં થયેલા ૧ વર્ષ ૯ માસ અને ૧૫ દિવસના વિલંબને માફ કરી સંસ્થાની અપીલ દાખલ કરવા જરૂરી હુકમ કરવા દાદ માંગેલી છે.

(૨) અરજદાર સંસ્થાની અરજીની વિગત ટૂંકમાં એવી છે કે, આ કામના સામાવાળા શ્રમયોગીએ સંસ્થા વિરુદ્ધ ટી. અરજી નંબર:૫૬૦/૧૯૯૩ કરેલી તેમાં તા.૧૦/૦૨/૨૦૨૩ના રોજ મજુર અદાલતે આખરી હુકમ કરેલ. સદર હુકમ તા.૦૩/૦૬/૨૦૨૩ના રોજ સંસ્થાને મળેલો છે જેથી ૧ માસમાં અપીલ કરવાની રહે. પરંતુ સંસ્થામાં આંતરીક પુનઃગોઠવણ જે તે સમયે ચાલતી હોવાથી અપીલ કરવી કે કેમ? તે બાબતે નિર્ણય લેવામાં વિલંબ થયેલો હતો અને સંસ્થાના આંતરીક વહીવટી કારણોસર વિલંબ થયેલો છે. સંબંધિત જવાબદાર વ્યક્તિઓ જેઓને દસ્તાવેજો ભેગા કરવા અને ગોઠવવાના હતા તેઓ બીમાર થઈ જવાના કારણે અને તેમની પર્સનલ મુશ્કેલીઓના કારણે હાજર રહી શકેલા નહીં જેથી પણ વિલંબ થયેલો છે. આ સિવાય સંસ્થાના અગાઉના વકીલ દ્વારા અપીલ માટે જરૂરી દસ્તાવેજો પુરા પાડવામાં આવેલા ન હોવાથી વિલંબ થયેલો છે. દસ્તાવેજો મળ્યા બાદ જરૂરી અરજીઓ અને અપીલ તૈયાર કરવામાં કાર્યવાહીની મુશ્કેલીઓ ઊભી થયેલી હોવાથી વિલંબ થયેલો છે. સંસ્થા દ્વારા અન્ય એડવોકેટની કાયદાકીય સલાહ થયેલ હુકમના પરિણામો અને તે હુકમ સામે કયા પગલાં લેવા તે બાબતે લેવામાં આવેલી અને સંસ્થાની લીગલ ટીમ કેસોના ભારણ હેઠળ દબાયેલી હોવાથી તથા સંસ્થામાં આંતરીક પુનઃગોઠવણ ચાલતી હોવાથી તાત્કાલીક સલાહ મળી શકેલ ન હોવાથી વિલંબ થયેલો છે. થયેલો વિલંબ પુરતા કારણોસર અને સંસ્થાના કાબુ બહારના સંજોગોના કારણે થયેલો છે જેથી તેને માફ કરવો જોઈએ. જો વિલંબ માફ કરવામાં ન આવે તો સંસ્થાને ગંભીર નુકશાન થાય તેમ છે જ્યારે વિલંબ મંજૂર કરવામાં આવે તો અપીલનો ગુણદોષ ઉપર ન્યાય નિર્ણય થઈ શકે તેમ છે. જેથી થયેલો વિલંબ માફ કરવો જોઈએ.

અરજદારે અપીલ સાથે એફિડેવીટ રજૂ કરેલી છે.

(૩) અપીલ મેમાની સાથે અરજદાર સંસ્થા તરફે ટી. અરજી નંબર:૫૬૦/૧૯૯૩માં થયેલા હુકમની ખરી નકલ અને તે હુકમ જે કવરમાં તેમને મળેલ તે અસલ કવર તેમણે રજૂ કરેલ છે.

(૪) આ કામે સામાવાળા શ્રમયોગી દ્વારા પણ ટી. અરજી નંબર:૫૬૦/૧૯૯૩માં થયેલા હુકમ સામે અપીલ અને અપીલ રજૂ કરવામાં થયેલ વિલંબ માફ કરવા માટે પરચુરણ અરજી નંબર:૧૧/૨૦૨૪ કરવામાં આવેલી હોઈ તે અરજીને જવાબ તરીકે ગણવા જણાવેલ છે.

(૫) કેસ ચાલતા દરમ્યાન આંક–૬ થી અરજદાર સંસ્થા ધ્વારા નેશનલ કંપની લો ટ્રિબ્યુનલ, કલકત્તા બેંચના તા.૦૪/૧૧/૨૦૨૫ના હુકમ અન્વયે ગાર્ડન સિલ્ક મિલ્સ પ્રાઈવેટ લિમિટેડનું ગાર્ડન સિલ્ક ફેશન્સ પ્રાઈવેટ લિમિટેડમાં રૂપાંતરણ થયેલ હોઈ કંપનીના નામમાં સુધારો કરવા દાદ માંગતી અરજી આપવામાં આવેલી જે નામદાર નેશનલ કંપની લો ટ્રિબ્યુનલના પીટીશન નંબર:૧૪૮/કે.બી./૨૦૨૫ અને ૯૯/કે.બી./૨૦૨૫માં થયેલા તા.૦૪/૧૧/૨૦૨૫ના હુકમને ધ્યાને લઈ ગ્રાહ્ય રાખવામાં આવેલી છે.

(૬) અરજદાર તરફે તેમના વિ.વ.શ્રી એમ.વી. પટેલે મૌખિક દલીલો કરેલી છે અને દલીલોના સમર્થનમાં નામદાર સુપ્રીમ કોર્ટે કલેકટર, લેન્ડ એકવીઝીશન અનન્તનાગ અને બીજા વિ. એમ.એસ.ટી. કાતીજી અને બીજાઓના કેસમાં આપેલ ચુકાદો જે ૧૯૮૭ (૧) એલ.એલ.જે. પા.નં. ૫૦૦ પર પ્રસિધ્ધ થયેલ છે તે રજુ કરેલ છે.

(૭) સામાવાળા તરફે તેમના વિ.વ.શ્રી એસ.ટી. ચૌધરીએ મૌખિક દલીલો કરેલી છે.

(૮) દલીલો ધ્યાને લીધી. રેકર્ડ તથા રજુ થયેલ ચુકાદો વંચાણે લીધો. મારા નિર્ણય અર્થે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**<u>મુદ્દા:–</u>**

**૧.** શું અરજદારની વિલંબ માફની અરજી ગ્રાહ્ય રાખવાપાત્ર છે ?

**૨.** શું હુકમ ?

(૯) ઉપરોકત મુદ્દાના મારા નિર્ણય નીચે મુજબ છે.

(૧) હકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

(૧૦) મારા નિર્ણયના કારણો નીચે મુજબ છે.

**(એ)** આ કામે અરજદારે સદર અરજી ટી. અરજી નંબર:૫૬૦/૧૯૯૩ તા.૧૦/૦૨/૨૦૨૩ના રોજ મજૂર અદાલત, સુરતે કરેલ હુકમ વિરુદ્ધ કરેલ અપીલ રજૂ કરવામાં થયેલા ૧ વર્ષ ૯ માસ અને ૧૫ દિવસના વિલંબને માફ કરવા દાદ માંગતી કાયદાની કલમ-૮૪(૨) હેઠળ કરેલી છે. કાયદાની કલમ-૮૪ નીચે મુજબ છે.

**84. APPEALS:-**

(1) Notwithstanding anything contained in section 83 an appeal shall lie to the Industrial Court-

(a) against a decision of a Labour Court in respect of a matter falling under clauses (a) or (c) of paragraph A of sub-section (1) of section 78 except to the extent to which it determines whether a strike, [lock-out, closure or stopage] was illegal or not, or a decision of such Court under paragraph C of sub-section (1) of the said section;

(b) against a conviction by a Labour Court by the person convicted;

(c) against acquittal by a Labour Court in its special jurisdiction; by the [state] Government;

(d) for enhancement of a sentence awarded by a Labour Court in its special jurisdiction by the [state] Government.

(2) Every appeal shall be made within thirty days from the **date of the decision**, conviction, acquittal or sentence, as the case may be:

**Provided that** the industrial Court may for sufficient reasons allow an appeal.

સદર કલમ વંચાણે લેતાં કલમ-૮૪(૨) મુજબ દરેક અપીલ હુકમ તારીખથી ૩૦ દિવસમાં કરવાની રહે છે અને જો ઔદ્યોગિક અદાલતને યોગ્ય જણાય તો પુરતા કારણોસર ઔદ્યોગિક અદાલત અપીલ દાખલ કરી શકે છે. આ કેસમાં અરજદાર સંસ્થાએ તેઓની સંસ્થામાં આંતરીક પુનઃગોઠવણની કાર્યવાહી થતી હતી તેના કારણે અને જવાબદાર વ્યક્તિઓ દ્વારા દસ્તાવેજો ભેગા કરવામાં તેઓની વ્યક્તિગત મુશ્કેલીઓ અને બીમારીના કારણે વિલંબ થયેલો હોવાથી તથા તેમના જુના વકીલ દ્વારા કેસને લગતા અગત્યના દસ્તાવેજો તાત્કાલિક પુરા ન પાડવાના કારણે તેમજ અન્ય વકીલોની સલાહ લેવામાં સમય ગયેલો હોવાથી અપીલ દાખલ કરવામાં

વિલંબ થયેલો છે તેમ જણાવેલું છે. તેઓની અપીલ ગુણદોષ ઉપર ચલાવવામાં ન આવે તો તેમને ઘણું મોટું નુકશાન થાય તેમ છે જેથી સંસ્થાના કાબુ બહારના કારણોથી વિલંબ થયેલો હોવાથી અને તેમનો વિલંબ પાછળ કોઈ બદઈરાદો ન હોવાથી થયેલ વિલંબ માફ થવો જોઈએ તેમ જણાવેલ છે. સંસ્થાએ અરજીમાં જણાવેલ વિગતોના સમર્થનમાં એફિડેવીટ રજૂ કરેલી છે. આ કેસમાં સામાવાળા શ્રમયોગી દ્વારા પણ મજૂર અદાલત, સુરતે ટી. અરજી નં.૫૬૦/૧૯૯૩માં થયેલા હુકમ વિરુદ્ધ અપીલ રજૂ કરેલી છે અને તે અપીલ રજૂ કરવામાં થયેલા ૧૩૮ દિવસના વિલંબને માફ કરવા માટે તેમણે અરજી કરેલી છે. આમ બંને પક્ષકારોએ ટી. અરજીમાં થયેલા હુકમ વિરુદ્ધ અપીલ કરેલી છે જેથી ટી. અરજીમાં થયેલા હુકમ વિરુદ્ધ કરવામાં આવેલી અપીલો સાંભળી તેનો ગુણદોષ ઉપર ન્યાય નિર્ણય કરવામાં આવે તો પક્ષકારો વચ્ચે વાસ્તવિક ન્યાય થઈ શકે તેમ છે તેને ધ્યાને રાખતા અને આ કેસમાં અપીલ કરવામાં દર્શાવેલ કારણો વિરુદ્ધની કોઈ હકીકત રેકર્ડ પર આવેલ ન હોવાથી તથા સંસ્થા દ્વારા બદઈરાદાપૂર્વક અને ગેરવ્યાજબી લાભ લેવાના ઈરાદે વિલંબ કરવામાં આવેલો છે તેવું રેકર્ડ પર આવેલું ન હોવાથી **નામદાર સુપ્રીમ કોર્ટે કલેકટર, લેન્ડ એકવીઝીશન અનન્તનાગ અને બીજા વિ. એમ.એસ.ટી. કાતીજી અને બીજાઓ**[1]ના કેસમાં જણાવેલ નીચે મુજબના સિદ્ધાંતોને ધ્યાનમાં રાખતા થયેલ વિલંબ માફ કરવા હુકમ કરવો ન્યાયી અને વ્યાજબી જણાય છે.

**૧.** સામાન્ય રીતે અરજદાર વિલંબથી અપીલ ફાઈલ કરવાના કારણે કોઈ લાભ મેળવતા હોતા નથી.

**૨.** વિલંબને માફ કરવાનો ઈન્કાર કરવામાં આવે તો ગુણદોષ ઉપરનો કેસ વિલંબના કારણે રદબાતલ થઇ જાય અને તે કારણે ન્યાયનો હેતુ સચવાય નહી. જયારે તેની સામે જો વિલંબ માફ કરવામાં આવે તો વધુમાં વધુ એટલું થાય કે કેસનો ગુણદોષ પર ન્યાય નિર્ણય બંને પક્ષકારોને સાંભળીને થઇ શકે.

**૩.** દરેક દિવસના વિલંબનો ખુલાસો કરવો તેનો અર્થ એ નથી કે નાની નાની બાબતો ઉપર વધારે પડતું ધ્યાન આપવું ? કેમ દરેક કલાક અને દરેક

---

1 **1987 (1) LLJ 500**

સેકન્ડના વિલંબનો ખુલાસો નહી ? કોમન સેન્સ અને વાજબી રીતે સિધ્ધાંતને લાગુ કરવો જોઇએ.

**૪.** જયારે વાસ્તવિક ન્યાય અને ટેકનીકલ બાબતો એકબીજા સાથે અથડાતી હોય ત્યારે વાસ્તવિક ન્યાયને પ્રાધાન્ય આપવાનું રહે છે. જાણીબુઝીને કરવામાં આવેલા ન હોય તેવા વિલંબના કારણે થતા અન્યાયના લાભ સામી પાર્ટીને મેળવવાનો હકક રહેતો નથી.

**૫.** તેવી કોઇ ધારણા થઇ શકે નહી કે વિલંબ જાણીબુઝીને કરવામાં આવેલો છે અથવા તો જાણીબુઝીને રાખવામાં આવેલી બેદરકારીના કારણે કે બદઇરાદાથી કરવામાં આવેલો છે. અરજદાર વિલંબના કારણે કોઇ લાભ મેળવી શકતા નથી તેઓ હકીકતમાં મોટું જોખમ વિલંબ કરી ઉઠાવતા હોય છે.

**૬.** તે હંમેશા ધ્યાનમાં રાખવું જોઇએ કે કોર્ટો અન્યાયને ટેકનીકલ ગ્રાઉન્ડ ઉપર કાયદેસર કરવાના પાવર્સ માટે નહી પણ અન્યાયને દુર કરવાની શકિતના કારણે માનથી જોવાય છે.

આ કેસમાં સંસ્થા દ્વારા ૧ વર્ષ અને ૯ માસ ઉપરાંતનો વિલંબ થયેલો હોવાથી સંસ્થા દ્વારા સામાવાળા શ્રમયોગીને ખર્ચના રૂા.૫૦૦૧/- (અંકે રૂપિયા પાંચ હજાર એક પુરા) ચૂકવી આપવાની શરતે વિલંબ માફ કરવા હુકમ કરવામાં આવે તો તે ન્યાયી અને વ્યાજબી ગણાશે. જેથી મુદ્દા નંબર-૧નો જવાબ હકારમાં આપવામાં આવે છે.

**(૧૧)** જેથી કેસનું રેકર્ડ તથા કાયદાની પરિસ્થિતિ લક્ષમાં લઇ ન્યાયના હિતમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**-: હુકમ :-**

**૧.** આથી અરજદાર સંસ્થાની વિલંબ માફની અરજી ગ્રાહય રાખવામાં આવે છે.

**૨.** આથી સામાવાળા શ્રમયોગીને આ હુકમની જાણ થયાના દિન-૩૦ માં ખર્ચના રૂા.૫,૦૦૧/- (અંકે રૂપિયા પાંચ હજાર એક પુરા) ચુકવી આપવાની શરતે સંસ્થાની અપીલને રજીસ્ટરે નોંધી ગુણદોષ ઉપર ચલાવવા માટે બોર્ડ પર લેવા હુકમ કરવામાં આવે છે.

૩. સંસ્થા સામાવાળા શ્રમયોગીને ખર્ચની રકમ નિયત સમય મર્યાદામાં ચુકવેલ હોવાના પુરાવા રજુ કરે તે પછી જ તેઓની અપીલને રજીસ્ટરે નોંધી નોટીસ માટે રજુ કરવા સ્પષ્ટ સુચના અત્રેની કચેરીને આપવામાં આવે છે.

૪. સંસ્થા ધ્વારા નિયત સમય મર્યાદામાં ખર્ચની રકમ ચુકવવામાં ન આવે તો તેઓની આ વિલંબ માફની અરજી આપોઆપ રદ થયેલી ગણાશે.

૫. અધિક્ષકશ્રીએ આ હુકમની નકલ પક્ષકારોને મોકલી આપવી.

૬. સદર હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**સ્થળ: સુરત.**
**તારીખ:૨૨/૦૫/૨૦૨૬.**

**(દિપકકુમાર જયંતીલાલ ચૌહાણ)**
**જીજે૦૦૭૮૦**
**સભ્ય,**
**ઔદ્યોગિક અદાલત નં.૨, સુરત.**